# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૦૭નાં પુરા થતાં વર્ષનું આવક–જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૬ | ૩૧-૩-૨૦૦૭ | જાવક | ૩૧-૩-૨૦૦૬ | ૩૧-૩-૨૦૦૭ |
|---|---|---|---|---|---|
| ભાડા...... | ૩૧,૫૯૩ | ૩૩,૯૭૭ | મિલ્કત મરામત | ૧,૦૮,૧૬૭ | ૪,૯૦,૮૯૮ |
| વ્યાજ | ૧,૫૫,૯૯૨ | ૨,૨૭,૪૨૬ | વીમા પ્રીમીયમ | ૪૬,૬૫૦ | ૨૧,૮૫૬ |
| ડીવીડન્ડ વ્યાજ | ૨૯,૨૫,૪૦૧ | ૩૩,૦૨,૮૪૨ | વહીવટી ખર્ચ | ૪૦,૦૫૯ | ૪૪,૦૧૦ |
| દાન ખાતે | ૧૫,૮૬,૨૪૭ | ૨૯,૨૮,૦૯૨ | ઓડીટ ખર્ચ | ૧૨,૯૬૦ | ૨૨,૮૦૦ |
| ગુપ્ત ભંડાર | ૫,૪૧,૩૮૭ | ૮,૩૩,૩૭૫ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૩,૩૨,૨૪૦ | ૪,૨૭,૯૯૦ | અન્યખર્ચ | ૬,૬૦૧ | ૧૩,૩૦૩ |
| કાયમી ફંડ ખાતે | | | વ્યાજ ખર્ચ | ૪,૦૮૦ | ૩,૪૦૦ |
| ટ્રાન્સફર | ૫,૩૨,૮૬૩ | ૫,૭૦,૧૭૯ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૬,૯૩,૭૭૧ | ૧૮,૦૦,૨૪૭ |
| તુટ સરવૈયામાં | — | — | ધાર્મિક હેતુ ખર્ચ | ૨૨,૫૩,૮૪૧ | ૨૬,૩૬,૪૧૬ |
| | | | વર્ષ આખરે વધારો | ૧૮,૮૯,૫૯૪ | ૩૨,૪૦,૯૫૧ |
| | ૬૧,૦૫,૭૨૩ | ૮૩,૨૩,૮૮૧ | | ૬૧,૦૫,૭૨૩ | ૮૩,૨૩,૮૮૧ |

## તા. ૩૧-૩-૨૦૦૭નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૬ | ૩૧-૩-૨૦૦૭ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૬ | ૩૧-૩-૨૦૦૭ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩,૭૦,૩૩૨ | ૧૩,૭૦,૩૩૨ | સ્થાવર મિલ્કત | ૩,૭૮,૫૫,૯૧૬ | ૪,૮૮,૩૨,૮૩૧ |
| મિલ્કત ફંડ | ૩,૨૮,૫૩,૦૪૩ | ૪,૨૮,૬૪,૬૬૭ | ડેડ સ્ટોક ફર્નિચર | ૮,૧૯,૮૯૧ | ૧૦,૯૦,૮૬૨ |
| કાયમી ફંડ | ૨,૯૭,૯૮,૧૮૮ | ૩,૧૯,૭૫,૯૧૯ | જંગમ મિલ્કત | ૩૮,૫૦,૩૨૪ | ૩૮,૮૯,૯૯૧ |
| ચાલુ ફંડ | ૩૪,૯૯,૧૮૭ | ૪૫,૯૭,૪૧૮ | પુસ્તક, કાગળ | | |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૬૦,૯૪,૩૪૦ | ૬૩,૩૪,૩૪૦ | સ્ટોક, પ્રિન્ટીંગ | ૩૦,૦૬,૯૪૭ | ૩૦,૦૨,૧૧૧ |
| અન્ય દેવાં | ૬૧,૭૩,૪૬૪ | ૬૧,૨૪,૪૬૮ | જૈન સેવા સમિતી | ૧૪,૧૪,૦૫૦ | ૧૪,૭૫,૮૨૩ |
| | | | અન્ય લેણાં | ૪,૭૯,૬૯૦ | ૮,૦૩,૯૩૮ |
| ઉપજ ખર્ચ | ૧,૧૯,૩૦,૩૬૪ | ૧,૫૧,૭૧,૩૧૫ | રોકાણો | ૪,૨૦,૦૦,૦૦૦ | ૪,૭૦,૦૦,૦૦૦ |
| | | | બેન્ક બેલેન્સ | ૨૨,૮૩,૨૭૮ | ૨૩,૩૪,૨૪૧ |
| | | | પુરાંત | ૮,૮૨૨ | ૮,૬૬૨ |
| | ૯,૧૭,૧૮,૯૧૮ | ૧૦,૮૪,૩૮,૪૫૯ | | ૯,૧૭,૧૮,૯૧૮ | ૧૦,૮૪,૩૮,૪૫૯ |

તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૩-૨૦૦૭ કુલ આવક વર્ષ દરમ્યાન :

| | | |
|---|---|---|
| કાયમી ફંડમાં ઉમેરો | ૨૧,૭૭,૭૩૧ | ધ્રુવફંડ ખાતે |
| ચાલુ ફંડમાં ઉમેરો | ૧૦,૯૮,૨૩૧ | આ રકમ જે ખાતામાં હોય તે ખાતામાં વાપરવાની હોય છે. |
| | ૩૨,૭૫,૯૬૨ | |
| આવક દાન તથા ભંડાર | ૮૩,૨૩,૮૮૧ | |
| | ૧,૧૫,૯૯,૮૪૩ | |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૦૭ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૧,૦૯,૯૪૫ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, ટેલિફોન, પગાર, ઈલેક્ટ્રીક બીલ, કોઠાર વપરાશ વિગેરે. | ૨૯,૪૯,૧૨૧ |
| કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ | ૬,૦૦,૦૦૦ | | |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૨,૧૫,૯૪૦ | | |
| ફોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૭,૫૩,૮૦૪ | | |
| બેન્ક વ્યાજ | ૧,૬૪૧ | | |
| ભંગાર વેચાણ | ૮,૩૫૨ | | |
| ખર્ચ વધારો તુટ સરવૈયામાં લઈ ગયા | ૨,૫૯,૪૩૯ | | |
| | ૨૯,૪૯,૧૨૧ | | ૨૯,૪૯,૧૨૧ |

## તા. ૩૧-૩-૨૦૦૭ના રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૧,૮૧,૯૫૭ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૨૩,૦૦૦ |
| ગ.વ. મુજબ ૧૧,૩૧,૨૭૮ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૧,૭૮,૪૪૧ |
| ચાલુસાલતુટ ૨,૫૯,૪૩૯ | ૮,૭૧,૮૩૯ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૧,૫૪૫ |
| અન્ય જવાબદારી | ૧,૧૪,૫૪૯ | ડેડ સ્ટોક | ૯,૨૬,૦૯૬ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | S. B. S. સેવીંગ | ૪૬૯ |
| | | પુરાંત | ૯,૧૪૨ |
| | ૧૫,૦૯,૦૧૦ | | ૧૫,૦૯,૦૧૦ |

## આત્મધર્મ (ગુજરાતી)ના સંપાદકનો સ્વર્ગવાસ

સોનગઢનિવાસી, આત્મધર્મ (ગુજરાતી)ના સંપાદક શ્રી નાગરદાસ બેચરદાસ મોદી ( —તે જિતુભાઈ મોદી–ટેપવિભાગ–ના પિતાજી) (વર્ષ–૮૭) તા. ૨૮-૧૨-૦૭ના રોજ એક માસની બિમારીમાં સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૫૮ વર્ષોથી સોનગઢ સ્થાયી વસવાટ કરીને, પૂજ્ય ધર્માત્માઓની છત્રછાયામાં ખૂબ આત્મલાભ લીધો હતો. નવેમ્બર ૧૯૭૫થી ગુજરાતી આત્મધર્મના સંપાદક તરીકેની જવાબદારી તેઓ નિભાવી રહ્યા હતા. અધ્યાત્મના શતાધિક શાસ્ત્રોના ઊંડા અભ્યાસપૂર્વક લગભગ બધા જ પુરાણોનો તેઓએ વિશાળ અભ્યાસ કરેલો. પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશના ચિંતન-મનન-ઘોલનમાં જ તેઓનું જીવન વ્યતીત થયેલું. તેઓ આત્મ-આરાધનાલક્ષી, સર્વે સાધર્મીઓ પ્રત્યે સમભાવી–વાત્સલ્યધારી અને એકાંતપ્રિય હતા. ધર્માત્માઓની છત્રછાયામાં પ્રાપ્ત આત્મસંસ્કારો વડે તેઓ શીઘ્ર આત્મ-આરાધના પૂર્ણ કરે એવી ભાવના.

મોરબીનિવાસી (હાલ-પાર્લા) શ્રીમતી હસુમતીબેન જગદીશભાઈ લોદરીયા (વર્ષ–૬૪) તા. ૮-૧૦-૦૭ના રોજ જાગૃતિપૂર્વક જ્ઞાયકનું રટણ કરતાં કરતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વરસિક હતા, વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

અમદાવાદનિવાસી શ્રી અમૃતભાઈ મલૂકચંદભાઈ ઝોબાળિયા (વર્ષ–૭૮) તા. ૧૩-૧૦-૭૮ના રોજ હાર્ટ-એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ખાડિયા મંદિરના પ્રમુખ હતા. વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

નાઈરોબીનિવાસી શ્રીમતી કમલેશબેન ચંદ્રકાંત જેઠાલાલ દેવરાજ તા. ૪-૧૧-૦૭ના રોજ જ્ઞાયકના રટણપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

કોટાનિવાસી શ્રી અરિદમણલાલજી જૈન (વર્ષ–૮૫) તા. ૬-૧૧-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૩૩ વર્ષ સુધી શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ કોટાના અધ્યક્ષ રહ્યા હતા.

અમદાવાદનિવાસી ધીરજલાલ છોટાલાલ શાહ (–તે શ્રી બાબુભાઈ ઝવેરીના ભાણેજ પ્રવિણાબેનના પતિ) (વર્ષ–૬૭) ૨૨-૧૧-૦૭ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

સોનગઢનિવાસી શ્રીમતી ચંદ્રમણિબેન મણીલાલ શાહ(–તે શ્રી વિકાસભાઈના માતુશ્રી) (વર્ષ–૮૭) ૨૩-૧૧-૦૭ના રોજ શાંત પરિણામપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. ચંદ્રમણિબેન (ચંદુબેન) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભાણેજી અને પૂજ્ય બહેનશ્રીના અંતેવાસી બ્ર. કંચનબેનના વડીલ બહેન થાય. ચંદુબેનનો ઉછેર પૂ. બહેનશ્રી સાથે કરાચીમાં થયેલ. તેથી તેમને પૂ. બહેનશ્રીના સાન્નિધ્ય અને સત્સંગનો લાભ નાનપણથી જ પ્રાપ્ત થયેલ હતો. પૂ. બહેનશ્રીએ ચંદુબેન ઉપર લખેલ કેટલાંક પત્રો "બહેનશ્રીની સાધના અને વાણી"માં સ્થાન પામ્યા છે અને પ્રેરણાપ્રદ રહ્યા છે.

જામનગરનિવાસી હરવિદ્યાબેન દલસુખરાય બોઘાણી (વર્ષ–૯૩) તો. ૧-૧૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી શ્રી અમરચંદ ન્યાલચંદ મહેતા (વર્ષ–૮૬) તા. ૨૧-૧૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય બહેનશ્રીની વાંકાનેરની સમ્યક્ત્વ-સાધનાભૂમિના મકાન-માલિક હોવાથી તેમને પૂજ્ય બહેનશ્રી પ્રતિ અનન્ય શ્રદ્ધા-ભક્તિ હતા.

